



# શું Google Payમાં આવતુ ફીચર "Pocket Money" સ્કેમ છે?

## અધિકૃત અને સુરક્ષિત ફીચર : પેમેન્ટ ત્યારે જ થાય છે જ્યારે સાચો યુપીઆઇ પીન નંખાય

મયુર ભુસાવળકર
આઇટી એક્સપર્ટ

ના, Google Pay (GPay)માં "Pocket Money" ફીચર કોઈ સ્કેમ નથી.આ એક અધિકૃત અને સુરક્ષિત ફીચર છે, જે Google Pay એ ડિસેમ્બર 2025 આસપાસ UPI Circleના ભાગરૂપે લોન્ચ કર્યું છે. આ મુખ્યત્વે માતા-પિતા માટે છે જેથી તેઓ પોતાના બાળકો અથવા વિશ્વાસુ પરિવારજનોને નિયંત્રિત રીતે ડિજિટલ પોકેટ મની આપી શકે.

**વાયરલ વોઈસ મેસેજ વિશે |** જ્યારે સાઇબર એક્સપર્ટ મયુર ભુસાવળકર ફેક્ટ ચેકિંગ કર્યું ત્યારે બાબત સામે આવી કે આ મેસેજ ખોટો છે, વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર વાયરલ થયેલા અવાજમાં કહેવામાં આવે છે કે "Pocket Money" અથવા "હાર્ટ બટન" પર ક્લિક કરવાથી તમારું બેંક બેલેન્સ ખાલી થઈ જશે, આ સંપૂર્ણપણે ખોટી અને મિથ્યા માહિતી છે. આ ફીચર સેટઅપ કરવા માટે બંને પક્ષની સ્પષ્ટ સંમતિ જરૂરી છે.વધુમાં તેમને ઉમેર્યું હતું કે ,Google Payમાં અન્ય વાસ્તવિક સ્કેમ્સથી સાવધાન રહો

1. કોઈ વ્યક્તિ તમને નાની રકમ મોકલે અને પછી "ખોટી ટ્રાન્સફર" કહીને પાછી માંગે.
2. અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલેલ QR કોડ સ્કેન કરવાથી પેમેન્ટ આપમેળે થઈ જાય.
3. ફેક કોલ અથવા SMSમાં બેંક/Google તરફથી ઓટીપી, UPI PIN અથવા સ્ક્રીન શેરિંગ માંગવું.
4. "રિવોર્ડ" અથવા "રિફંડ"ના નામે પ્રોસેસિંગ ફી માંગવી.

**સુરક્ષા માટેની સલાહ**

1) ક્યારેય UPI PIN, OTP અથવા બેંક વિગતો કોઈને શેર ન કરો.
2) માત્ર જાણીતા અને વિશ્વાસુ વ્યક્તિઓને જ પેમેન્ટ કરો.
3) ટ્રાન્ઝેક્શન નોટિફિકેશન ચાલુ રાખો અને બેંકિંગ એપમાં લિમિટ સેટ કરો.
4) શંકા લાગે તો સીધા તમારી બેંકનો સંપર્ક કરો.

જો તમે GPayમાં Pocket Money વિકલ્પ જોયો હોય અને તેનાથી ચિંતિત હો, તો તેને ઇગ્નોર કરી શકો છો,તે વૈકલ્પિક છે અને સુરક્ષિત છે.

### Pocket Money ફીચર શું છે?

- » **મુખ્ય વપરાશકર્તા** જેમ કે માતા-પિતા પોતાના બેંક ખાતામાંથી બાળકને UPI પેમેન્ટ કરવાની મંજૂરી આપે છે, પરંતુ અલગ બેંક ખાતા વગર.
- » **માસિક ખર્ચની** મર્યાદા સેટ કરી શકાય છે , જેમાં મહત્તમ 15,000 સુધી રાખી શકાય છે.
- » **દરેક ટ્રાન્ઝેક્શન** પર માતા-પિતાને તુરંત નોટિફિકેશન આવે છે. માતા-પિતા કોઈપણ સમયે ટ્રાન્ઝેક્શન મંજૂર/રદ કરી શકે છે અથવા પૂર્ણપણે બંધ કરી શકે છે.
- » **મુખ્ય હેતુ બાળકોમાં** નાણાકીય જ્ઞાન વધારવા માટે ઉપયોગી છે અને NPCI એટલે કે National Payments Corporation of India ના નિયમો અનુસાર કામ કરે છે.
- » **આ ફીચર People** સેક્શનમાં હેન્ડશેક આઈકોન અથવા હાર્ટ બટન સાથે દેખાય છે. તેને ટેપ કરવાથી આપમેળે કોઈ પૈસા કપાતા નથી.
- » **પેમેન્ટ ત્યારે જ** થાય છે જ્યારે તમે અથવા અધિકૃત વ્યક્તિ સ્વયં UPI ટ્રાન્ઝેક્શન કરે અને અને UPI PIN દાખલ કરે.

## કિશોરો માટે સુરક્ષિત ઈન્સ્ટાગ્રામ નવા કન્ટેન્ટ નિયમો સાથે મેટાનું મહત્વપૂર્ણ અને આવકાર્ય કહી શકાય તેવુ પગલું

# કિશોરોને હવે 'ઈન્સ્ટાગ્રામ' પર માત્ર તેમની ઉંમરને અનુરૂપ કન્ટેન્ટ જોવા મળશે

ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા કિશોરોના જીવનનો અભિન્ન ભાગ બની ગયું છે. આવા સમયમાં કન્ટેન્ટની ગુણવત્તા અને સુરક્ષા અંગે ચિંતા વધતી જાય છે. આ પડકારોને ધ્યાનમાં રાખીને Meta Platforms એ પોતાના લોકપ્રિય પ્લેટફોર્મ Instagram પર કિશોર વયના યુઝર્સ માટે નવા અને વધુ કડક કન્ટેન્ટ નિયમો અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. આ પગલું ખાસ કરીને 13 વર્ષથી ઉપરના અને 18 વર્ષથી ઓછા યુઝર્સ માટે વધુ સુરક્ષિત ડિજિટલ અનુભવ સુનિશ્ચિત કરવા તરફનું મહત્વપૂર્ણ પગલું ગણાય છે. નવી નીતિ હેઠળ કિશોરોને માત્ર તેમની ઉંમરને અનુરૂપ અને યોગ્ય ગણાતા કન્ટેન્ટ જ જોવા મળશે. અગાઉ અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને કેનેડામાં અમલમાં આવેલી આ વ્યવસ્થા હવે ભારતમાં પણલાગુ કરવામાં આવી રહી છે.

### હવે, ઉંમર મુજબ કન્ટેન્ટ નિયંત્રણથી વધશે ડિજિટલ સુરક્ષા

નવી વ્યવસ્થાના અમલથી 18 વર્ષથી ઓછા યુઝર્સને આપમેળે "એજ-એપ્રોપ્રિએટ કન્ટેન્ટ" કેટેગરીમાં રાખવામાં આવશે. એટલે તેઓ એવા કન્ટેન્ટથી દૂર રહેશે જેમાં અતિશય સૂચક ભાષા, અયોગ્ય દૃશ્યો અથવા પ્રૌઢ વિષયો સામેલ હોય. મહત્વપૂર્ણ બાબત એ છે કે કિશોર યુઝર્સ આ સેટિંગ્સ માતા-પિતાની મંજૂરી વિના બદલાવી શકશે નહીં. આ પગલાથી માતા-પિતાને પણ બાળકોની ઓનલાઇન પ્રવૃત્તિ અંગે વધુ વિશ્વાસ મળશે.



@username

### અયોગ્ય એકાઉન્ટ્સ અને કન્ટેન્ટ પર વધુ નિયંત્રણ

**નવી નીતિ મુજબ હવે કિશોરો એવા એકાઉન્ટ્સને ફોલો કરી શકશે નહીં, જે નિયમિત રીતે અયોગ્ય અથવા વયને અનુરૂપ ન હોય તેવો કન્ટેન્ટ શેર કરે છે. એટલું જ નહીં, આવા કન્ટેન્ટનો સંકેત આપતા નામ અથવા બાયો ધરાવતા એકાઉન્ટ્સ પર પણ પ્રતિબંધ રહેશે.આ પગલાંનો મુખ્ય હેતુ કિશોરોને વધુ સ્વસ્થ અને સુરક્ષિત ડિજિટલ વાતાવરણ આપવાનો છે. સાથે સાથે મેટા એ પણ સ્વીકાર્યું છે કે કોઈપણ સિસ્ટમ સંપૂર્ણ નથી, પરંતુ સમયાંતરે સુધારા દ્વારા પ્લેટફોર્મને વધુ સુરક્ષિત બનાવવાનો પ્રયાસ ચાલુ રહેશે. સમગ્ર રીતે જોવામાં આવે તો, ઇન્સ્ટાગ્રામ પર કિશોરો માટે કડક કન્ટેન્ટ નિયમોનો અમલ સોશિયલ મીડિયા ઉપયોગને વધુ જવાબદાર અને સુરક્ષિત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ શકે છે.**

### માતા-પિતા બાળકોની ઓનલાઈન પ્રવૃત્તિ પર નજર રાખી શકશે

નવા સેફ્ટી ફીચર્સ દ્વારા અયોગ્ય, હિંસક અથવા અશ્લીલ સામગ્રીને ઓટોમેટિક ફિલ્ટર કરવામાં આવશે. સાથે જ નવા ટીન એકાઉન્ટ્સ ડિફોલ્ટ રીતે પ્રાઇવેટ રહેશે અને પેરેન્ટલ સુપરવિઝન દ્વારા માતા-પિતા બાળકોની ઓનલાઈન પ્રવૃત્તિ પર નજર રાખી શકશે. આ બદલાવથી કિશોરોના માનસિક સ્વાસ્થ્યનું રક્ષણ થશે અને સોશિયલ મીડિયા પર સુરક્ષિત અનુભવ મળશે. નિષ્ણાતોના મત મુજબ, આ પ્રકારના નિયંત્રણો આજના ડિજિટલ યુગમાં ખૂબ જ જરૂરી બની ગયા છે.

# ડિજિલોકરનો નવો યુગ

## હવે એક ક્લિકમાં શેર થશે બધા મહત્વના દસ્તાવેજ

ભારતમાં ડિજિટલ ગવર્નન્સને વધુ સરળ અને ઝડપી બનાવવા માટે સરકાર દ્વારા શરૂ કરાયેલ ડિજિલોકર હવે વધુ શક્તિશાળી બનવા જઈ રહ્યો છે. આવનારા સમયમાં યુઝર્સ પોતાના અનેક પ્રમાણિત દસ્તાવેજોને એકસાથે ડિજિટલ બંડલ તરીકે શેર કરી શકશે. આ નવી સુવિધા ખાસ કરીને શિક્ષણ, બેંકિંગ, ઈન્શ્યોરન્સ અને વિદેશી પ્રવેશ પ્રક્રિયા માટે સમય અને મહેનત બંને બચાવશે. હાલમાં લોકોને અલગ-અલગ પ્લેટફોર્મ પર દસ્તાવેજ અપલોડ કરવા પડે છે અને દરેક વખતે ફરીથી વેરિફિકેશન કરાવવું પડે છે. નવી વ્યવસ્થાથી આ પ્રક્રિયા સરળ બની જશે અને એક જ વખત પ્રમાણિત દસ્તાવેજો વિવિધ સંસ્થાઓ સાથે સહેલાઈથી શેર કરી શકાશે.

### શિક્ષણ અને નાણાકીય સેવાઓમાં ઝડપ આવશે




નવી સુવિધા હેઠળ વિદ્યાર્થીઓ પોતાના શૈક્ષણિક પ્રમાણપત્રો, ઓળખપત્રો અને અન્ય જરૂરી દસ્તાવેજો એક સાથે શેર કરી શકશે. ખાસ કરીને વિદેશમાં અભ્યાસ માટે અરજી કરતી વખતે આ ખૂબ ઉપયોગી સાબિત થશે, કારણ કે હવે અલગ-અલગ પોર્ટલ પર દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર નહીં રહે. તે જ રીતે બેંકિંગ અને ઇન્શ્યોરન્સ સેવાઓ માટે પણ KYC પ્રક્રિયા ઝડપી બની જશે. સંસ્થાઓ સીધા જ મૂળ સ્રોતમાંથી પ્રમાણિત દસ્તાવેજો મેળવી શકશે, જેના કારણે સમય બચશે અને ડુપ્લિકેશનની સમસ્યા ઘટશે.

### સરહદ પાર દસ્તાવેજોની માન્યતા તરફ મોટું પગલું

ડિજિલોકરનો વિકાસ હવે માત્ર દેશની અંદર મર્યાદિત નથી રહ્યો. ભવિષ્યમાં ભારતીય દસ્તાવેજોને વિદેશી ડિજિટલ સિસ્ટમ્સ સાથે જોડવાની યોજના પણ છે, જેથી લોકો પોતાના પ્રમાણિત દસ્તાવેજો વિદેશી સંસ્થાઓ સાથે પણ સરળતાથી શેર કરી શકે. આ ઉપરાંત સમગ્ર સિસ્ટમ કન્સેન્ટ આધારિત રહેશે, એટલે કે યુઝર્સ પોતાના દસ્તાવેજો ક્યારે અને કોની સાથે શેર કરવા તે સંપૂર્ણ રીતે નિયંત્રિત કરી શકશે. દસ્તાવેજો મૂળ જારી કરનાર સંસ્થામાં જ સંગ્રહિત રહેશે, જેથી ડેટા સુરક્ષા વધુ મજબૂત બનશે. આ રીતે, ડિજિલોકરની નવી સુવિધા ભારતના ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવશે અને દૈનિક જીવનમાં દસ્તાવેજ વ્યવસ્થાપનને ઝડપી, સુરક્ષિત અને સરળ બનાવતી એક મહત્વપૂર્ણ કડી સાબિત થશે.




# GPU વગર હાઈ ક્વોલિટી ગેમ્સ અથવા વિડિયો શક્ય નથી




અર્જુન શર્મા
આઈટી એક્સપર્ટ

આજના સમયમાં કમ્પ્યુટર, મોબાઈલ અને ડિજિટલ ટેકનોલોજી આપણા જીવનનો મહત્વનો ભાગ બની ગયા છે. ખાસ કરીને ગેમિંગ, વિડિયો એડિટિંગ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ડિઝાઈન જેવા ક્ષેત્રોમાં ઝડપ અને ક્વોલિટી ખૂબ જરૂરી છે. આ બધું શક્ય બનાવવામાં GPU (Graphics Processing Unit) ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે.GPU એટલે Graphics Processing Unit – એક ખાસ પ્રકારનો પ્રોસેસર, જે મુખ્યત્વે (Graphics), વિડિયો અને વિઝ્યુઅલ ડેટા પ્રોસેસ કરવા માટે બનાવવામાં આવ્યો છે. CPU કમ્પ્યુટરના તમામ સામાન્ય કામ સંભાળે છે. GPU ખાસ કરીને ચિત્ર અને વિઝ્યુઅલ કામને ઝડપી અને સ્મૂથ બનાવે છે. એટલે GPU વગર હાઈ ક્વોલિટી ગેમ્સ અથવા વિડિયો શક્ય નથી.

### GPU ક્યાં ક્યાં ઉપયોગી છે?

1. Gaming : હાઈ ગ્રાફિક્સ ગેમ્સ (જેમ કે PUBG, GTA, Call of Duty) GPU વગર સ્મૂથ ચાલતી નથી.
2. Video Editing : Adobe Premiere Pro, After Effects જેવા સોફ્ટવેર GPUનો ઉપયોગ કરીને રેન્ડરિંગ ઝડપી બનાવે છે.
3. Graphic Design : Photoshop, Illustratorમાં હાઈ રિઝોલ્યુશન ઈમેજ સાથે કામ સરળ બને છે.
4. Artificial Intelligence : AI અને Machine Learningમાં લાખો ડેટા પ્રોસેસ કરવા GPU ખૂબ જરૂરી છે.
5. Cryptocurrency Mining : પહેલાં Bitcoin, Ethereum માઇનિંગમાં GPUનો ઉપયોગ થતો હતો.

### GPUના મુખ્ય પ્રકાર

1. **Integrated GPU**
**CPU** સાથે જ હોય છે
ઓછા ખર્ચાળ
સામાન્ય કામ માટે યોગ્ય
(Browsing, Video, Office Work)

2. **Dedicated (Discrete) GPU** અલગ કાર્ડ તરીકે આવે છે
વધારે પાવરફુલ
Gaming, Editing, AI માટે ઉપયોગી

### GPU બનાવતી મુખ્ય કંપનીઓ

NVIDIA - Gaming અને AI માટે ખૂબ પ્રસિદ્ધ
AMD (Radeon) - સસ્તું અને પાવરફુલ વિકલ્પ
Intel - હવે નવા GPU માર્કેટમાં પ્રવેશ કરી રહ્યું છે

### આજના સમયમાં GPUનું મહત્વ

**આજના ડિજિટલ યુગમાં GPUનું મહત્વ ખૂબ વધી ગયું છે કારણ કે: YouTube અને OTT કન્ટેન્ટ વધી રહ્યું છે Gaming ઇન્ડસ્ટ્રી ઝડપથી વધી રહી છે AI Tools (જેમ કે Chatbots, Image Generators) વધુ ઉપયોગમાં આવી રહ્ય છે.Officesમાં Design અને Data કામ વધ્યું છે એટલે GPU હવે માત્ર ગેમિંગ માટે નહીં, પણ દરેક ક્ષેત્ર માટે જરૂરી બની ગયું છે.**

### આવતા સમયમાં GPU વધુ શક્તિશાળી બનશે

AI Automation
Self-driving Cars
Virtual Reality (VR) અને Metaverse
Medical Imaging અને Research

GPU એ આજની ટેકનોલોજીનો મહત્વનો ભાગ છે, જે આપણને ઝડપી, સુંદર અને સ્મૂથ ડિજિટલ અનુભવ આપે છે.જો તમે ગેમિંગ, વિડિયો એડિટિંગ અથવા AIમાં કામ કરવાનું વિચારો છો, તો GPU વિશે જાણવું ખૂબ જરૂરી છે.

### GPU કેવી રીતે કામ કરે છે?

GPUનું કામ કરવાની રીત CPU કરતાં અલગ છે. **CPU:** એક સમયે થોડા કામ ખૂબ ઝડપથી કરે છે. **GPU:** એક સાથે હજારો નાના કામ કરે છેઆને "Parallel Processing" કહેવામાં આવે છે. જો સ્ક્રીન પર લાખો પિક્સલ બતાવવા હોય, તો GPU દરેક પિક્સલ પર એક સાથે કામ કરી શકે છે – તેથી ઈમેજ ખૂબ ઝડપથી બને છે.